# <u>નર્મદા જીલ્લાના મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કોર્ટમાં, મુ.રાજપીપલા</u>

ફોજદારી કેસ નંબર:૨૬૩૭/૨૦૨૫
આંક:-

**ફરીયાદી: સરકાર શ્રી**

**વિરુધ્ધ.**

**આરોપી: વિજયભાઈ જશુભાઈ વસાવા**
**રહે-રુંઢ સુથાર ફળીયુ તા.નાંદોદ જી.નર્મદા**

---

**:: ઠરાવ ::**

---

(૧) આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલના કેસના કામની ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. તે લગત અદાલત દ્વારા કોગ્નીજન્સ લઈ સમન્સ ઇશ્યુ કરતાં તેની બજવણી થતા આરોપી હાજર થઈ જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે,પહેલાં તેઓએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ રજુ કરેલ છે.તે બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે, જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી. તેમ છતાં તે તેમની કબુલાતને વળી રહેલ છે. જેથી આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે.

(૨) આરોપી ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હા કર્યાનો તેને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે અને આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યક્ત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાતરી આપતા હોય, આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય આરોપીને હળવી સજા કરવી જોઇએ તેમ માનુ છુ આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર, તેના સજાનુ પ્રમાણ, આરોપીની રજુઆત, તેની પરીસ્થિતિ ધ્યાનમાં લેતા, અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નંબર ૭૦૯ નટવર હીરાચંદ ઠાકોરના કેસમા પ્રસ્થાપિત કરેલ

સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં, આરોપીને હળવી સજા કરવાનુ વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઇ, ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**::-હુકમ-::**

આ કામના આરોપી **વિજયભાઇ જશુભાઇ વસાવા રહે-રુંઢ સુથાર ફળીયુ તા.નાંદોદ જી.નર્મદા** ને બી.એન.એસ.એસ કલમ-૨૭૫ અન્વયે તેની સામેના બી.એન.એસ.કલમ ૨૮૫ મુજબનો ગુનામાં તક્સીરવાન ઠરાવવામાં આવે છે,**બી.એન.એસ કલમ ૨૮૫** ના ગુના સબબ એકદંરે **રૂ.૧૦૦/-(અંકે રૂપીયા એક સો પુરા) નો દંડ** ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી માર્ચ-૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સિટિંગમાં ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:રાજપીપલા

**(વિનોદકુમાર દીનુભાઇ પટેલ)**
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
રાજપીપલા(નર્મદા)
જી.જે.૦૧૧૪૮